૨૦૮૭૭૯૦

પત્ર નં. યોજના-૨/આઇસીડીએસ/ચાલુ બાબત/૨૦૧૩-૧૪/
સીડીપીઓ/કચેરી બાંધકામ/................./૨૦૧૩
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર
તા. /૦૭/૨૦૧૩.

વંચાણે લીધા-

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૩/૨/૨૦૧૩નો પત્રક્રમાંક : યોજના-૨-આઇસીડીએસ-આં.વાકે.૨૦૧૨-૧૩/બ્લોક ઓફિસ/નવીબાબત/૪૦૭૩/૨૦૧૨

(૨) ગુજરાત સરકાર, મહિલા અને બાળ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંક: આઇસીડીએસ-૧૩૨૦૧૨-૪૨૬-બ, તા.૧૯/૪/૨૦૧૨

(3) ગુજરાત સરકાર, મહિલા અને બાળ વિકાસ વિભાગ ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૩/૩૦૩૬૦/ ઇ(બ) તા.૨૫/૪/૨૦૧૩

**આમુખ-**

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રનું સંચાલન કુલ ૩૩૬ ઘટક મારફત કરવામાં આવે છે. આ કચેરીમાં બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના અંદાજે ૫ કર્મચારી/અધિકારીઓ હોય છે. એક સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીએ વર્ગ-૨ ઓછામાં ઓછી ૧૦૦ આંગણવાડીનું સંચાલન કરવામાં હોય છે. આંગણવાડીઓના સુદ્રઢ સંચાલનના હેતુ માટે બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ તેમની કામગીરી પોતાની અલાયદી કચેરી તથા બેઠક વ્યવસ્થા હોવી આવશ્યક છે. આ માટે વખતો વખત નાણાંકીય જોગવાઇ રાખવામા આવે છે તેની વહીવટી મંજુરી આપી જિલ્લા કક્ષાએથી કામગીરી કરવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીની ઘટક કક્ષાની કચેરીના મકાનો માટે નીચેની શરતો ને આધિન પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર**

(૧) વખતો વખત વર્ષની બજેટ જોગવાઇની આધિનં રહીને નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન રહેશે.

(૪) બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજો રજૂ કરીને સમક્ષ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ અન્વયે " ઇ " ટેન્ડરીગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આહેશે.

(૬) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૭) આ યોજનાનો અમલ તા.૧/૪/૨૦૧૩ થી કરવાનો રહેશે.

(૮) આ મકાન ૫૦ સ્કવેર મીટરમાં એક યુનિટનું બાંધકામ કરવાનું રહેશે.

(૯) જેમા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીની વર્ગ-૨ ની ચેમ્બર, કાર્યાલયના કર્મચારીઓને બેસવાની રૂમ, સ્ટોર રૂમ, તથા સંડાસ બાથરૂમની સુવિધાનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૦) આ કચેરીનું બાધકામ તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં જમીન ઉપલબધી હોય તો તેમાં નવું બાંધકામ કરી અથવા એકસટેન્શન કરી અથવા તાલુકા પંચાયતના હયાત મકાનની ઉપર નવો માળ બનાવી નવેસરથી બાંધકામ કરી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુ/ખર્ચ કરવાનો હોય તો તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નીતિ-નિયમોનુસાર કરવાનો રહેશે. નકશા/અંદાજે સમક્ષ અધિકારીશ્રીની વહીવટી/તાંત્રિક મંજૂરી મેળવી લેવાનીરહેશે.

(૧૨) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા એક સ્કવેર મીટર રૂા. ૧૫૦૦૦/- ની નિયત થયેલ કિંમત તેમજ તેના ૧૦ ટકા વિજળીકરણ તથા ૧૦ ટકા વિજળીકરણ અને ૧૦ ટકા યુટીલીટી ચાર્જ ઉમેરતા કુલ રૂા.૧૮,૦૦૦/- ની એક સ્કવેર મીટરની કિંમત મુજબ ૫૦ ચો.મી માં એક ઘટકકક્ષાના મકાન બાંધકામ માટે કુલ રૂા.૯.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) રજૂ કરેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૧૪) જે હેતુ માટે વહીવટી મંજૂરી આપવામાં આવે છે. તે હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે આ ફંડ વાપરી શકાશે નહી તેમજ વર્ષાન્તે ફંડ ઉપલબ્ધ રહે તો તે નિયત સમય-મર્યાદામાં પરત કરવાનું રહેશે.

(૧૫) આ ફંડનો ઉપયોગ નાણાં વિભાગના નાણાકીય ઔચિત્યના નિયમો વગેરેને ધ્યાને રાખી કરવાનો રહેશે.

(૧૬) નવા બાંધકામ/રીપેરીંગ/વધારો/ઘટાકો કયા કયા ઘટકોમાં કરવાનું છે કયા સ્થળોએ સુનિશ્ચિત કરી કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૭) આ પ્રોજેકટ હેઠળ કરવામાં આવનાર કામગીરી જથ્થાની ગુણવતાસભર થાય તે માટે સ્થાનિક કક્ષાએ નિરીક્ષણ કરવાનું રહેશે.

(૧૮) બાંધકામનો માસિક પ્રગતિ અહેવાલ કમિશ્નરશ્રી ની કચેરીને અચુક કરવાનો રહેશે.

કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતિ

૧. નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, તમામ.

૩. પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, તમામ.

૪. અમિત ગોર(એમ.આઇ.એસ.-કન્સલ્ટન્ટ ) પરિપત્ર ઓનલાઇન મુકવા સારૂ.